**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૨૮ ટકા

# મનમોહક કેસૂડો ધુળેટીમાં આપે છે પ્રાકૃતિક રંગ

## બજારોમાં અઢળક કેસૂડો ઠલવાયો:શહેરમાં ઘણી જગ્યાએ કેસૂડાંના પાણીથી ધુળેટીની ઉજવણીનું આયોજન

### ચલો કેસુડાથી રમીએ હોળી:

આપણા આદિવાસી સમાજના પૂર્વજોએ દરેક વનસ્પતિના ઔષધિય ઉપયોગને જાણીને તેને ધર્મ સાથે વણી લીધા હતા. જેથી સમાજમાં દરેકનું આરોગ્ય સારૂ રહે. કેસુડાના રંગબેરંગી ફૂલો વગર ધૂળેટી અધૂરી છે. આદિકાળથી પ્રાકૃતિક રંગો સાથે હોળીની ઉજવણી થતી આવી છે. આ પરંપરાને આજે પણ અંતરિયાળ ગામોમાં રહેતા આદિવાસી લોકો નિભાવી રહ્યા છે.



ગાંધીનગર.તા.૬

કોઈ નાજુક નમણી, નાર નવેલી લે છે ઓવારણાં...આવ્યો આ કેસરભીનો કેસુડો...હોળી-ધૂળેટી એટલે કે, રંગોનો પર્વ છે. ત્યારે રંગોનો પર્વ આવે અને કેસુડાની યાદ ન આવે તેવું તો કઈ રીતે બને. ફાગણમાં સોળે કળાએ ખીલેલો મનમોહક કેસૂડો હોળીમાં આપે છે પ્રાકૃતિક રંગ.તેનો હોળી-ધૂળેટીમાં રંગ તરીકે ઉપયોગ કરવામાં આવે છે.ત્યારે શહેર ના બજારોમાં હોળી પૂર્વે અઢળક કેસૂડાં ના ફૂલ ઠલવાયા છે.જેનું મોટી માત્રા માં વેચાણ થઈ રહ્યું છે. શહેર માં આ વખતે ઘણી જગ્યાએ કેસુડાના પાણી થી ધુળેટી ની ઉજવણી કરવામાં આવશે.શહેરીજનો રંગબેરંગી કલર થી નહિ પણ કેસુડાના રંગે રંગાવાનું પસંદ કરી રહ્યા છે જેના કારણે બજારોમાંથી મોટી માત્રા માં તેનું ધૂમ વેચાણ થઈ રહ્યું છે. શહેરીજનો ધુળેટી પર્વ ખૂબ ઉત્સાહ પૂર્વક ઉજવતા આવ્યા છે. ગાંધીનગર માં ઘણી જગ્યાએ મેળાવડો જામે છે.જેમાં સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન માં સૌથી વધુ ભીડ જમા થાય છે.અને રંગો નું પર્વ ઉજવવામાં આવે છે જ્યાં કલર પિચકારી નું વેચાણ કરતા ફેરિયાઓ નો પણ જમાવડો જોવા મળે છે. ડીજે ના તાલે લોકો ઉત્સાહ પૂર્વક ધુળેટી ની ઉજવણી કરે છે.

ત્યારે ધૂળેટીના રંગ બનાવવા ઉપયોગી કેસૂડો અમૂલ્ય ઔષધી હોય તેનું સ્વાસ્થ્ય માટે પણ સર્વાધિક મહત્વ છે. કેસૂડા ફૂલોને પાણીમાં નાખીને સ્નાન કરવાથી ચામડીના રોગો પણ મટી જાય છે. કેસૂડાનું પાણી ઉત્તમકારી છે, જે ડાયાબિટીસ સામે રક્ષણ આપે છે. નર્મદા સહિતના જંગલોમાં તેમજ સમગ્ર સાતપુડાની હારમાળા પાસેના જંગલોમાં કેસૂડો ભારે આકર્ષણ જમાવી રહ્યો છે. શિયાળાની વિદાય બાદ પાનખરની શરૂઆત સાથે જ વસંત ઋતુમાં ખાખરે કેસૂડો મ્હોર્યો હોય જેના લીધે પાનખરમાં પણ પ્રકૃતિનો નિખાર તરી આવે છે. પ્રવર્તમાન ગ્લોબલ વોર્મિંગ જેવી વિકરાળ સ્થિતિમાં અને કેમિકલના યુગમાં કુદરતી વનસ્પતિઓના રંગોથી ભલે ધૂળેટી રમાતી નહિ હોય પરંતુ હોળી-ધૂળેટીની ખરા અર્થમાં ઉજવણી કેસૂડાના ઉપયોગ વગર અધૂરી જણાય છે. તેથી જ હવેલીઓમાં વૈષ્ણવ સંપ્રદાય,વલ્લભકુળ પરિવાર તેમજ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા ચોકકસપણે કેસૂડાથી જ ધૂળેટીની ઉજવણી કરવાની પરંપરા વર્ષોથી ચાલી આવે છે. વાસ્તવમાં કેસૂડાના ફૂલો અને કસુંબલ રંગથી હોળી-ધૂળેટી રમવા પાછળના સ્વસ્થ આરોગ્યપ્રદ હેતુ રહેલો છે. ફાગણ માસના આગમન ટાણે કેસૂડાના ફૂલો ખીલતા હોય છે.

### ઔષધીય ગુણોનો ભંડાર ધરાવતો કેસૂડો

ઉનાળાના આકરા ચાર મહિનાની અસહ્ય ગરમીથી રક્ષણ મેળવવા માટે કેસૂડો ખુબ જ ઉપયોગી છે. કેસૂડાના ફૂલને સુકવીને આખી રાત પાણીમાં પલાળી રાખ્યા બાદ તેનો પાવડર બનાવીને પાણી સાથે ભેળવીને ત્વચા પર છાંટવાથી ત્વચાનું આરોગ્ય બળબળતા તાપમાં પણ જળવાઈ રહે છે. ઉનાળામાં થતા ચામડીના રોગના નિયંત્રણ માટે પણ તે ઉપયોગી છે.આમ, ધૂળેટી રમવા પૂરતું કેસૂડો સિમિત નથી બલકે એક અમૂલ્ય ઔષધી તરીકે અને અસંખ્ય રોગને શરીરથી દૂર રાખીને કાયાને તંદુરસ્ત રાખવામાં મહત્વપૂર્ણ છે.

## પુસ્તક પરબમાં ૩૧૪ જેટલાં પુસ્તકો સામયિકોનું આદાનપ્રદાન થયું

ગાંધીનગર, તા.૬

દર મહિનાના પ્રથમ રવિવારે બલરામ મંદિર, સેકટર-૧૨, ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજવામાં આવે છે. સારા-શિષ્ટ પુસ્તકોના વાચન-પ્રસાર હેતુથી માતૃભાષા અભિયાનના ઉપક્રમે આત્મન ફાઉન્ડેશન દ્વારા આ પરબ યોજવામાં આવે છે. માર્ચ માસની પુસ્તક પરબમાં કુલ મળીને ૩૧૪ જેટલાં પુસ્તકો-સામયિકોનું આદાનપ્રદાન થયું હતું. પુસ્તકોની સાથે મુલાકાતીઓને પંખીઓ માટે જુવારના પેકેટ પણ આપવામાં આવ્યાં હતાં. મોટી સંખ્યામાં પુસ્તક વાચન પ્રેમીઓએ ઉપસ્થિત રહી પોતાના પસંદગીના પુસ્તક-સામયિકો મેળવ્યાં હતાં. પુસ્તક પરબ ટીમના સહયોગીઓ પ્રજ્ઞાબેન પટેલ, રોહિણીબેન પરમાર, અજય ઉપાધ્યાય, સોનલબેન બક્ષી, એન.પી. થાનકી, સમીરભાઈ રામી, તાહિરભાઈ, તરુણભાઈ વગેરેએ વ્યવસ્થા સંભાળી હતી.



## ધૂળેટીના ગુલાલની છોળો વચ્ચે સાહિત્યસભાના સર્જકોની રચનાઓનો રંગબેરંગી ગુલાલ ઊડ્યો..!

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા એની નિયમિત માસિક બેઠક 'ગમતાનો કરીએ ગુલાલ' શિર્ષક હેઠળ રવિવાર દિનાંક પાંચમી માર્ચના રોજ સાંજે સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યામંદિર ખાતે આયોજિત કરવામાં આવી હતી. ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે હોળી ધૂળેટીના પર્વ નિમિત્તે સૌનું ગુલાલ લગાડી સ્વાગત કર્યું હતું. કાર્યક્રમની શરૂઆત સુંદર પ્રાર્થના પ્રસ્તુત કરી પારૂલ મહેતા અને હિમાંશુ ગાયકવાડ દ્વારા કરવામાં આવી હતી. ગાંધીનગર સાહિત્ય સભાના અધ્યક્ષ સંજય થોરાતે સૌનું શાબ્દિક સ્વાગત કરી રંગોના પર્વ ધૂળેટી અને વિશ્વ મહિલા દિવસની રચનાઓ પ્રસ્તુત કરવા આમંત્રણ આપ્યું હતું. રંગોત્સવ પર્વ નિમિત્તે ગાંધીનગર સાહિત્યસભાના કવિમિત્રો-કવયિત્રીઓએ હુતાસિની ધુળેટીને સ્પર્શતી સ્વરચિત રચનાઓ તેમજ મહિલાઓ વિશેની રચનાઓ રજુ કરી હતી. આ સુંદર મજાની મહેફિલ ડૉ. જિજ્ઞા વોહરાના કવિતામય સંચાલન હેઠળ રસપ્રદ રીતે દીપી ઊઠ્યું હતું. આ રંગોની છોળો ઉડતી મહેફિલમાં ગિરા ભટ્ટ, કીર્તિદા બ્રહ્મભટ્ટ, માયા ચૌહાણ, નસીમ મહુવાકર/લઘુકથા વાચિકમ/તથા ભર્ગદેવ ભટ્ટ, નિરંજન શાહ, જિતેન્દ્ર વ્યાસ, ડૉ. પ્રવીણ વાટલિયા/વ્યક્તિની ઓળખ વિષયક વાર્તાલાપ/ ગુલાબચંદ પટેલ, બાબુભાઈ નાયક, મહેન્દ્ર રાઠોડ , બાબુદાન ગઢવી, દર્શન પુરાણી, રમણ વાઘેલા અને સંજય થોરાતે એમની સ્વરચિત કાવ્ય રચનાઓ રજુ કરી હતી. કાર્યક્રમનું આકર્ષણ એવા કવિ પ્રતાપસિંહ ડાભી 'હાકલ' દ્વારા તરન્નુમમાં રચનાઓ પ્રસ્તુત કરવામાં આવી હતી જેને અનોખી દાદ મળી હતી. ધૂળેટીના ગુલાલની છોળો વચ્ચે સાહિત્યસભાના સર્જકોની રચનાઓનો રંગબેરંગી ગુલાલ ઊડ્યા હતો. કાર્યક્રમના અંતે સહુએ મીઠી ખજૂરનો સ્વાદ માણી મહેફિલને મમળાવતા વિદાય લીધી હતી.



## હોળી પર્વના ઉજવણીના ભાગરૂપે સરગાસણ ખાતે ચિત્ર સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૬

તાજેતરમાં હોળી પર્વના ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન - મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા અને યુરોકિડ્સ પ્રી સ્કૂલ - સરગાસણ નાં સહયોગથી " રંગીન કૃતિ " ની થીમ પર ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનનું સંપૂર્ણ સંકલન મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગરના ૫૦ થી પણ વધુ બાળકોએ ઉત્સાહભેર ભાગ લઈ વિવિધ રંગોથી પોતાની કલા તથા આવડત વડે પોતાની કૃતિ તૈયાર કરી હતી. સ્પર્ધામાં ૪ થી ૭ વર્ષમાં પ્રથમ વિજેતા જપગ્ન પંડ્યા, દ્વિતીય વિજેતા ગ્રીવા ગોહિલ અને તૃતીય વિજેતા રૂહી પટેલ રહ્યા હતા. ૮ થી ૧૧ વર્ષમાં પ્રથમ વિજેતા શ્રીપલ મિશ્રા, દ્વિતીય વિજેતા નિવા પટેલ અને તૃતીય વિજેતા રૂહી ગોહિલ રહ્યા હતા તથા ૧૨ થી ૧૬ વર્ષમાં પ્રથમ વિજેતા પ્રિન્સ પરમાર, દ્વિતીય વિજેતા જીલ શ્રીમાળી અને તૃતીય વિજેતા પ્રાંજલ મકવાણા રહ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે દિવ્યા સોલંકી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા તથા વિજેતાઓને એમના વરદહસ્તે ટ્રોફી અને સર્ટિફિકેટ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા તથા ભાગ લેનાર દરેક સ્પર્ધકોને સરપ્રાઈઝ ગિફ્ટમાં કંપાસ અને ડોમ્સ કલર સાથે લકી ડ્રો નંબરમાં વિજેતાઓ : જપગ્ન પંડ્યા, તનિષ્કા પ્રેમકુમાર, રાજવી અદ્રેજા, વિરાજ ઠાકોર, રાજપૂત નિધિ, હેમ મિસ્ત્રી, જયેશ ઠાકોર, મકવાણા ઉષા, મોહિત પટેલ, અંશ માનિયા, કર્ણિક ઈશાન અને ગ્રીહેમ પરમાર ને ઈનામો આપવામાં આવ્યા હતા. ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થાના ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી, ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે, યુરોકિડ્સ પ્રી. સ્કૂલનાં સંચાલિકા ખુશ્બુ શાહ અને આયોજક મિલાપ ટાટારિઆ ટાઈગરે વિજેતાઓને અનેક શુભેચ્છાઓ પાઠવી હતી તથા સ્પર્ધાને સરળ રીતે સફળ બનાવવા માટે વાલીઓ, ઉપસ્થિત મહેમાનો અને સંસ્થાના સિનિયર ક્રુનાલ વાઘેલા તથા હેમાંગી મકવાણા દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.






## બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ.માં પ્રવેશજોગ

ગાંધીનગર, તા.૬

ડો.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં ફેબ્રુઆરી ૨૦૨૩ ના સત્ર અન્વયે વિવિધ સર્ટિફિકેટ/ડિપ્લોમા/બી.એ-બી.કોમ/એમ.એ. માં ૩૧/૦૩/૨૦૨૩ સુધી ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી ચાલુ છે રસ ધરાવનારે **baou.edu.in** વેબસાઈટ પર જઈ કાર્યવાહી કરવા કેન્દ્ર સંયોજક, ૦૫૦૧ સરકારી વિનયન કોલેજ, સેક્ટર-૧૫ ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

## સરકારી વિજ્ઞાન કોલેજમાં ઉદીશા પ્રકલ્પ અંતર્ગત Resume writing પર સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૬

અસરકારક રીસ્યુમ/સીવી બનાવવો એ દરેક વિદ્યાર્થી માટે એક ચેલેન્જ ટાસ્ક હોય છે. તેના માધ્યમથી વિદ્યાર્થી પોતાની યોગ્યતાને નોકરી દાતા સમક્ષ સારી રીતે રજૂ કરી શકો એ માટે આચાર્ય ડો. એમ.જી. ભટ્ટના માર્ગદર્શન હેઠળ સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર દ્વારા Resume writing વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રો. જાગ્રુતિ ભેડા (આસિસ્ટંટ્ પ્રોફેસર, એલ.ઈ. કોલેજ, મોરબી) એ વિદ્યાર્થીઓને નોકરી મેળવવામાં અસરકારક રીસ્યુમ કેમ બનાવી શકાય તે અંગે ડેમોંન્સ્ટ્રેશન આપ્યું તથા ફક્ત રીસ્યુમનાં માધ્યમથી નોકરી મેળવવામાં કઇ રીતે પ્રાથમિક સિલેકશન દરમિયાન પ્રભાવ ઉભો કરી શકાય તેની માહિતી આપી હતી. સંસ્થાનાં આચાર્ય ડૉ.એમ.જી.ભટ્ટે પ્રસંગોચિત્ત ઉદબોધન આપી સૌને પ્રોત્સાહિત કર્યા, જ્યારે ઉદીશા સમિતિનાં સભ્યો ડો. જિજ્ઞાસા ઠુંમર, ડો. પૂજા શર્મા, ડો.રીટા ચુડાસમા અને ડો. નિશા શર્માએ કાર્યક્રમનું સંચાલન તથા ડો. રોહિત પટેલે કાર્યક્રમનાં અંતમાં આભાર વિધિ કરી હતી.







ધોળેશ્વર મહાદેવ ખાતે અખિલ ભારતીય પ્રજાપતિ સંઘની કાર્યકારિણી મિટિંગ મળી હતી. જેના સફળ સંચાલન બદલ પોપટલાલ પ્રજાપતિનું અભિવાદન કરવામાં આવ્યું હતું.


## રાષ્ટ્રીય કક્ષાના એજ્યુકેશનલ ઈનોવેશ કોન્ફરન્સ ૨૦૨૩માં શાહપુર પ્રાથમિક શાળાએ ભાગ લીધો




ગાંધીનગર, તા.૬

શાહપુર પ્રાથમિક શાળા એ નેશનલ એજ્યુકેશનલ ઈનોવેશ કોન્ફરન્સ ૨૦૨૩ સોલાપુર મહારાષ્ટ્ર મુકામે ભાગ લીધો હતો. શાળાના આચાર્ય અશ્વિનભાઈ પ્રજાપતિએ શાળા કક્ષાએ કરેલ ઈનોવેશનને લઈ આ રાષ્ટ્રીય કક્ષાના ફેસ્ટિવલમાં સોલાપુર મહારાષ્ટ્ર ખાતે ભાગ લીધો હતો. તેમણે ભારતભરના વિવિધ રાજ્યોમાંથી આવેલ ઈનોવેટર શિક્ષકો સમક્ષ પોતાના ઈનોવેશનનું પ્રેઝન્ટેશન કર્યું હતું.

## અરીહંત સ્કુલ ઓફ ફાર્મસી ખાતે વર્લ્ડ ઓબેસીટી ડેની ઉજવણી કરાઈ



અરીહંત સ્કુલ ઓફ ફાર્મસી એન્ડ બાયોરીસર્ચ ઈન્સ્ટીટયુટ અડાલજ દ્વારા ઈટ લાઈટ, બટ રાઈટની થીમ ઉપર વર્લ્ડ ઓબેસીટી ડેની ઉજવણી કરવામાં આવી હતી. તે અંતર્ગત અડાલજ ખાતે આવેલી અંબા સ્કુલ ફોર એકસેલન્સના ધો.૮ના વિદ્યાર્થીઓને મેદસ્વીપણા વિશે જાગૃતિ ફેલાવવામાં આવી હતી. તેમાં બીફાર્મના વિદ્યાર્થીઓ સૃષ્ટિ, ઈશા, માર્ગેશ, દીપ, વેદાંત, માનવ, ધ્રૂવે બીએમઆઈ, હેલ્ધી ફુડ, હાઈ કેલેરી, ડાયેટ, એવરેજ વેઈટ અને ઓબેસીટીથી તથા શારીરીક રોગો વિશે જરૂરી માર્ગદર્શન પુરુ પાડયું હતું. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્રો.ડો.યોગી પંડયા અને પ્રો.ડો. ઈશાન પંચાલના નેતૃત્વમાં સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું.

## જન્મદિને વધામણી


પીહુ નિશાંત ગોગારી


ધૈર્ય નિકેશ બ્રહ્મભટ્ટ
મો. ૯૯૧૩૦ ૯૮૬૨૦



સિદ્ધાર્થ રાજેન્દ્ર વાળા
મો. ૯૯૦૯૯ ૯૫૪૨૨


વિવેક મહેશકુમાર પરમાર


વિનય મહેશકુમાર પરમાર


કાવ્યા ભરતભાઈ ગાંગાણી


હરિઓમ ગઢવી


સોનલ વાઘેલા
મો. ૭૪૨૩૬ ૭૨૮૨૬

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ઠાકોર અરવિંદજી શંકરજી ઉ.વ.૫૦, રીદ્રોલ, માણસા
- સ્વ.ઠાકોર સુનિલજી પ્રતાપજી ઉ.વ.૨૦, લેકાવાડા
- સ્વ.પંડ્યા મહેન્દ્રકુમાર નટવરલાલ ઉ.વ.૮૧, વાવોલ
- સ્વ.પ્રજાપતિ લવજીભાઈ ગણેશભાઈ ઉ.વ.૯૫, વાવોલ
- સ્વ.પ્રજાપતિ પોપટભાઈ શનાભાઈ ઉ.વ.૬૪, શિહોલીમોટી